"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફ નં. | તા: ૧૨/૧૨/૨૦૧૭

તંત્રી શ્રી, ______________________ | સુરત

જાત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

## <u>વૃદ્ધ માતાએ એકના એક લાડકવાયા દીકરાના અંગોનું દાન કરી માનવતા મહેકાવી.</u>

## <u>રાજપૂત સમાજના બ્રેનડેડ સંદીપસિંહ રાજેન્દ્રસિંહ દેસાઈના પરિવારે કિડની, લિવર અને ચક્ષુઓનું દાન કરી પાંચ વ્યક્તિઓને નવજીવન આપી સમાજને નવી દિશા બતાવી.</u>

નામ: સંદીપસિંહ રાજેન્દ્રસિંહ દેસાઈ ઉ. વ. ૪૦ બ્લડ ગ્રુપ: B +ve

વ્યવસાય: ફોટોગ્રાફી અને વિડીઓગ્રાફી કરતા હતા.

રહેવાસી: હેમાંગીની એપાર્ટમેન્ટ, બીજો માળ, પાંચ હાટડી, નવસારી.

કૌટુંબિક વિગત: પિતા: સ્વ. રાજેન્દ્રસિંહ ઠાકોરસિંહ દેસાઈ
પાસપોર્ટ એજન્ટનું કામ કરતા હતા.
માતા: પુષ્પાબેન રાજેન્દ્રસિંહ દેસાઈ ઉ. વ. ૭૨
બહેનો: ૧. નિશાબેન પ્રવીણસિંહ વાંસિયા ઉ. વ. ૪૬
સચિન સત્ય સાંઈ ધર્માદા દવાખાનામાં કમ્પાઉન્ડર તરીકે કામ કરે છે.
૨. જાગૃતિબેન હીરલભાઈ પટેલ ઉ. વ. ૪૨

૨...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E 7652 Dt. 04-12-2014



**બનાવની વિગત:**

નવસારીમાં ફોટોગ્રાફી અને વિડીઓગ્રાફી કરી પોતાના પરિવારનું જીવન નિર્વાહ કરનાર સંદીપસિંહને ગુરુવાર, તા: ૦૭ ડીસેમ્બરના રોજ રાત્રે ૧૧:૩૦ કલાકે લકવાની અસર જણાતા પરિવારજનોએ તેમને શ્રદ્ધા હોસ્પીટલમાં ડૉ. અંકુર રાણા ની સારવાર હેઠળ દાખલ કરી સારવાર શરૂ કરવામાં આવી. નિદાન માટે MRI કરાવતા મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું.

શુક્રવાર, ૦૮ ડિસેમ્બરના રોજ સંદીપસિંહે માથામાં વધારે પડતા દુ:ખાવાની ફરિયાદ કર્યા બાદ તેઓ બેભાન થઇ ગયા હતા. ફરી નિદાન માટે સીટી સ્કેન કરાવતા મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાને કારણે મગજમાં સોજો વધી ગયો હતો . ત્યારબાદ તેમની તબિયત વધુ બગડતા અને શ્વાસ લેવામાં તકલીફ જણાતા તેમને વેન્ટીલેટર ઉપર મુકવામાં આવ્યા.

સોમવાર, તા: ૧૧ ડીસેમ્બરના રોજ ન્યુરોસર્જન ડૉ.મેહુલ મોદી, ફીજીશીયન ડૉ.અંકુર રાણા અને ઇનટેન્ટસીવીસ્ટ ડૉ. પ્રિયાંક ગાંધીએ સંદીપસિંહને બ્રેનડેડ જાહેર કર્યા.

ડૉ. અંકુર રાણાએ ટીમ ડોનેટ લાઈફનો ટેલીફોનીક સંપર્ક કરી સંદીપસિંહના બ્રેનડેડ અંગેની જાણકારી આપી.

ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી સંદીપસિંહના પિતરાઈ બહેન હેતલની સાથે રહી તેમની માતા પુષ્પાબેન, બહેનો નિશા અને જાગૃતિ, બનેવી પ્રવીણસિંહ અને હીરલભાઈ તથા પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

સંદીપસિંહના માતાએ જણાવ્યું કે તેમનો દીકરો હંમેશા લોકોની સેવા માટે તત્પર રહ્યો છે. હું વારંવાર વર્તમાન પત્રોમાં ઓર્ગન ડોનેશન અંગેના સમાચારો વાંચતી હતી. આજે જ્યારે મારો લાડકવાયો એકનો એક દીકરો બ્રેનડેડ છે ત્યારે તેના અંગોનું દાન કરી કોઈકના લાડકવાયાને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કિડની તથા લિવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

૩...

**Nilesh Mandlewala** President +91 98256 09922 | **Sandeep Kumar, IRS** Vice President +91 81307 81031 | **Rakesh Jain** Hon. Secretary +91 98241 10349 | **Ramesh Malpani** Hon. Treasurer +91 98253 21626

**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડો. સુરેશ કુમાર અને તેમની ટીમે આવી કિડની અને લિવરનું દાન સ્વીકાર્યું. જયારે ચક્ષુઓનું દાન નવસારી રોટરી આઈ ઇન્સ્ટીટ્યુટએ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી કિડની પૈકી એક કિડની કડી ના રહેવાસી રાકેશ રમેશભાઈ શાહ ઉ.વ. ૪૫ માં અને બીજી કિડની પાલનપુરના રહેવાસી કાન્તી એસ. માલીટાંક ઉ. વ. ૨૬ માં, જયારે લિવર નું ટ્રાન્સપ્લાન્ટ સુરતના રહેવાસી રવિન્દ્રકુમાર હુકમચંદ્ર અગ્રવાલ ઉ. વ. ૪૬ માં અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) માં ડો. પ્રાંજલ મોદી, ડો. જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની સમગ્ર પ્રક્રિયામાં સંદીપસિંહના માતા પુષ્પાબેન, બહેનો નિશા અને જાગૃતિ, બનેવી પ્રવીણસિંહ વાંસિયા અને હિરલભાઈ પટેલ, પિતરાઈ બહેનો હેતલ, ઝંખના, પારૂલ અને પરિવારના અન્ય સભ્યો, ફીજીશીયન ડૉ. અંકુર શાહ, ન્યુરોસર્જન ડો. મેહુલ મોદી, ઈન્ટેન્સીવીસ્ટ ડો. પ્રિયાંક ગાંધી, પીડીયાટ્રીશિયન ડો. જીગ્નેશ ભગત મેડીકલ ઓફિસર ડો. અવિનાશ વાઘ, શ્રદ્ધા હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલા, ટ્રસ્ટી હેમંત દેસાઈ, સુભાષ જોધાણી, યોગેશ પ્રજાપતિ અને જીતેન્દ્ર મોરેનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૨૩૦ કિડની, ૯૨ લીવર, ૬ પેન્ક્રીઆસ, ૧૬ હૃદય અને ૧૯૨ ચક્ષુઓનો દાન મેળવીને ૫૩૩ વ્યક્તિઓને નવજીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

**Nilesh Mandlewala**
President
+91 98256 09922

**Sandeep Kumar, IRS**
Vice President
+91 81307 81031

**Rakesh Jain**
Hon. Secretary
+91 98241 10349

**Ramesh Malpani**
Hon. Treasurer
+91 98253 21626